Letter No: HD/0456/07/2023 Dt: 02-08-2023

પાસા હેઠળ અટકાયત કરવાની કાર્યવાહી અંગે
માર્ગદર્શક સૂચનાઓ

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંક : વિ.૩/પાસા/૨૦૨૩/e file- 4056

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર

તારીખ-

**વંચાણે લીધા:**

(૧) ગૃહ વિભાગના તા. ૧૯.૧૦.૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક : વિ.૩/પાસા/૧૦૧૫/૧૨.

(૨) ગૃહ વિભાગના તા. ૦૭.૦૮.૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક : વિ.૩/પાસા/૧૦૧૫/૧૨

(૩) ગૃહ વિભાગના તા. ૦૩.૦૫.૨૦૨૩ના પરિપત્ર ક્રમાંક : વિ.૩/પાસા/૧૦૧૫/૧૨

(૪) નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની S.C.A. No. 5506 of 2023 કેસમાં તા.૦૫/૦૫/૨૦૨૩નો હુકમ

**પરિપત્ર :**

રાજ્યમાં જાહેર વ્યવસ્થા અને જાહેર આરોગ્યની જાળવણીને અસર કરતા અસામાજિક તત્ત્વો વિરુધ્ધ નિવારક પગલાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ અમલમાં મૂકવામાં આવેલ છે. જેમાં બુટલેગર, ભયજનક, મિલ્કત પચાવી પાડનાર, અનૈતિક વેપાર ગુનેગાર, ઔષધ ગુનેગાર, ક્રુર વ્યક્તિ અને જુગારનો અડ્ડો ચલાવનાર – એ મુજબની વિવિધ કેટેગરીમાં અટકાયતની જોગવાઇ કરવામાં આવેલ છે.

પાસા કાયદામાં તા.૦૩.૦૯.૨૦૨૦થી અમલમાં આવે તે રીતે નીચે મુજબનો ફેરફાર/ઉમેરો કરવામાં આવેલ છે :

૧. જુગારનો અડ્ડો ચલાવનાર કેટેગરીમાં અટકાયત માટે આરોપીને છેલ્લા ત્રણ વર્ષમાં સજા થઇ હોય- એવી જે જોગવાઇ હતી તેને રદ કરવામાં આવી છે.

૨. સાયબર ગુનો કરનાર એટલે કે, ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ ના પ્રકરણ-૧૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરનાર વ્યકિત- તે કેટેગરીનો ઉમેરો કરવામાં આવ્યો છે.

૩. ભયજનક કેટેગરીમાં ભારતીય દંડ સંહિતાના પ્રકરણ–૦૮ અને ૨૨ હેઠળના ગુનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૪. નાણાંની ધીરધાર સંબંધી ગુનો કરનાર કેટેગરીનો ઉમેરો કરવામાં આવ્યો છે.

૫. જાતીય ગુનો કરનાર કેટેગરીમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪, ૩૭૬, ૩૭૭ તથા પોક્સો એક્ટ હેઠળના ગુના કરનાર વ્યક્તિની અટકાયતની જોગવાઇ કરવામાં આવેલ છે.

જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તથા પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પોલીસ કમિશ્નર દ્વારા પાસા હેઠળ અટકાયત હુકમ કરવામાં આવે છે. પાસા હેઠળ અટકાયત માટે અટકાયત અધિકારી દ્વારા કરવામાં આવતા હુકમોમાં એકરૂપતા રહે તથા કાયદાકીય જોગવાઇઓનો ઉચિત અમલ થાય તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા તા.૨૭.૦૧.૧૯૯૪ થી તા.૨૩.૦૭.૨૦૦૮ દરમિયાન

સમયાંતરે કુલ-૨૧ પરિપત્રોથી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલી છે. નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ.નં.૬૩૦૯/૨૦૧૫ ની સુનાવણી દરમિયાન નામ. હાઇકોર્ટએ આપેલ સૂચનાઓ તથા નામ. હાઇકોર્ટના તા.૦૮.૦૫.૨૦૧૫ના હુકમને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા અગાઉ આપવામાં આવેલ તમામ માર્ગદર્શક સૂચનાઓના સ્થાને તા.૧૯.૧૦.૨૦૧૫ના પરિપત્રથી પાસા હેઠળ અટકાયત કરવાની કાર્યવાહી અંગે સવિસ્તાર માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૫૫૦૬/૨૦૨૩માં નામ. હાઇકોર્ટએ તા.૦૫.૦૪.૨૦૨૩ના હુકમથી પાસા હેઠળ અટકાયત માટેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવા રાજ્ય સરકારને જણાવેલ. જે અન્વયે ગૃહ વિભાગના તા.૦૩.૦૫.૨૦૨૩ના પરિપત્રથી કેટલીક વધારાની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૫૫૦૬/૨૦૨૩માં નામ. હાઇકોર્ટના તા.૦૫.૦૫.૨૦૨૩ના હુકમમાં કરવામાં આવેલ સુચન ધ્યાને લેતા પાસા હેઠળ અટકાયત માટે સમયાંતરે આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓના સ્થાને એકત્રિત માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવાનું રાજ્ય સરકારની વિચારણામાં હતું.

પુખ્ત વિચારણાના અંતે, ગૃહ વિભાગના તા.૧૯.૧૦.૨૦૧૫, તા.૦૭.૦૮.૨૦૧૮, તા.૦૩.૦૫.૨૦૨૩ના પરિપત્રો તથા તા.૦૭.૦૧.૨૦૧૯ના નામજોગ પત્રથી આપવામાં આવેલ સુચનાઓ /માર્ગદર્શક સુચનાઓના સ્થાને નીચે મુજબની સંકલિત સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

1. ગુજરાત અસામાજિક પ્રવૃતિ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ હેઠળ સક્ષમ સત્તાધિકારી તરફથી કોઇ વ્યક્તિ સામે અટકાયતી પગલાં લેતી વખતે, જે તે વ્યક્તિ દ્વારા જાહેર વ્યવસ્થા (Public Order) ખોરવાય તેવા પ્રકારની પ્રવૃતિ આચરવામાં આવતી હોય અથવા આચરવાની શક્યતા હોય - તેવી અટકાયત અધિકારીને ખાતરી (Subjective Satisfaction) થાય તો જ તેવા પ્રકારની પ્રવૃતિ આચરનાર વ્યક્તિ સામે આ અધિનિયમનો ઉપયોગ કરવાનો રહે છે, નહીં કે કાયદો અને વ્યવસ્થા (Law & Order) ખોરવાય તેવા સંજોગોમાં.

આ બાબતે પુષ્કર મુખર્જી અને અન્યો વિરુદ્ધ પશ્ચિમ બંગાળ કેસ (1970 AIR 852, 1969 SCR (2) 635) માં નામ. સુપ્રિમ કોર્ટના આદેશમાં Law and Order, Public Order and Security of State આ ત્રણેય વચ્ચેનો ભેદ વિગતવાર સ્પષ્ટ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

2. નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઇકોર્ટ દ્વારા વિવિધ ચુકાદાઓમાં જાહેર વ્યવસ્થા અને કાયદો વ્યવસ્થા વચ્ચેની ભેદરેખા નક્કી કરવામાં આવેલ છે, જે અટકાયત હુકમ કરતાં સમયે ખાસ લક્ષમાં રાખવી. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૫૫૦૬/૨૦૨૩માં નામ. હાઇકોર્ટના તા.૦૫.૦૪.૨૦૨૩ના હુકમમાં નિવારક અટકાયત હુકમ કરતી વખતે અટકાયત અધિકારીએ નીચેના ચૂકાદાઓ લક્ષમાં રાખવા જણાવવામાં આવ્યું છે.

- વિજય નારાયણ સિંઘ વિરુધ્ધ બિહાર રાજ્ય કેસ ૧૯૮૪ તથા ખાજા બિલાલ અહેમદ વિરુધ્ધ તેલંગાણા રાજ્ય કેસ ૨૦૨૦
- બંકા સ્નેહા શીલા વિરુધ્ધ તેલંગાણા રાજ્ય : (એસ.એલ.પી.(ક્રિમિનલ) નં.૪૭૨૯/૨૦૨૧) કેસમાં તા.૦૨/૦૮/૨૦૨૧નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ.
- મલ્લાદા કે શ્રી રામ વિરુધ્ધ તેલંગાણા રાજ્ય: (ક્રિમિનલ અપીલ નં. ૫૬૧/૨૦૨૨) કેસમાં તા.૦૪/૦૪/૨૦૨૨નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ
- સુશાંતા કુમાર બનિક વિરુધ્ધ ત્રિપુરા રાજ્ય: (ક્રિમિનલ અપીલ નં. ૧૭૦૮/૨૦૨૨) કેસમાં તા.૩૦/૦૯/૨૦૨૨નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ.

**આ સંબંધમાં નામ. સુપ્રિમ કોર્ટના કેટલાક ચુકાદાઓના ઉધ્ધરણો નીચે મુજબ છે :**

- *કોઇપણ ગુનો કે બનાવ કે જે સમાજ કે લોકોને મોટા પ્રમાણમાં સીધી રીતે અસર કરે તેવા સંજોગોમાં જાહેર વ્યવસ્થાની જાળવણીને અસર થાય છે – તેવું નામ. સુપ્રીમ કોર્ટ તથા વિવિધ નામ. હાઇકોર્ટો દ્વારા મૂલવવામાં આવ્યું છે.*
- *A mere apprehension of a breach of Law and order is not sufficient to meet the standard of adversely affecting the "maintenance of public order."*
- *As is well-known, the expressions " Law and Order", " Public Order" and "security of state" are different*

*from one another.*

- *Does the expression "Public Order" take in every kind of disorders or only some of them? The answer to this serves to distinguish "Public Order" from "Law and Order", because the later undoubtedly takes in all of them. Public order if disturbed, must lead to public disorder. Every breach of the peace does not lead to public disorder. When two drunkards quarrel and fight, there is disorder but not public disorder. They can be dealt with under the powers to maintain law and order but cannot be detained on the grounds that they were disturbing public order.*
- *Supposed that the two fighters were of rival communities and one of them tried to raise communal passions the problem still is one of law and order but raises the apprehension of public disorder.*

3. ગુનાહિત પ્રવૃતિ આચરનાર વ્યક્તિ સામે પાસા જેવા આકરાં પગલાં લેતા પહેલા સારી વર્તણૂંક-જાહેર સુલેહ શાંતિ ભંગ ન કરે તે બાબતે Cr.P.C. ની કલમ-૧૦૭ હેઠળ શ્યોરીટી બોન્ડ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ હદપારી પગલા જેવી અન્ય કાયદાકીય કાર્યવાહી સરળતાથી શક્ય હોય તેવા સંજોગોમાં આ અધિનિયમની જોગવાઇઓનો સામાન્ય રીતે ઉપયોગ કરવાનું ટાળવું.

4. પાસા એ નિવારક અટકાયત માટેનો કાયદો છે. અન્ય કાયદા હેઠળ તાત્કાલિક પગલા લેવામાં મુશ્કેલી પડતી હોય તેવા સંજોગોમાં પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. જેથી જ્યારે પણ પાસા હેઠળ અટકાયત કરવા માટેનાં સંજોગો બને તો અટકાયત હુકમ તાત્કાલિક કરવો જોઇએ.

5. અટકાયતીની ગુનાહિત પ્રવૃત્તિ જાહેર વ્યવસ્થાની જાળવણીને વિપરીત અસર કરે છે તેવું પ્રસ્થાપિત કરવા માટે જરૂરી સાધનિક કાગળો હોવા જોઇએ તથા અટકાયતના કારણોમાં આ બાબતોની યોગ્ય રીતે છણાવટ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. દરખાસ્ત કરનાર ઓથોરિટી દ્વારા તૈયાર કરવામાં આવતી દરખાસ્ત પૂરતા આધાર – પૂરાવા અને વાજબી કારણો સાથેની હોય તે બાબતે ખાસ કાળજી રાખવી. જેથી દરખાસ્તને પૂર્તતા માટે પરત મોકલવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

6. અટકાયત હુકમ કરવા માટે ધ્યાને લીધેલ ગુનાઓમાં સક્ષમ કોર્ટ તરફથી તે વ્યક્તિને તેવા ગુનાઓમાં અટકાયત સામે રક્ષણ મળેલ છે કે કેમ, જે તે ગુનાના કેસનો આખરી નિકાલ થયેલ છે કે કેમ, સક્ષમ કોર્ટ દ્વારા એફ.આઇ.આર. રદ થયેલ છે કે કેમ, તેની વિગતો ચકાસ્યા બાદ અટકાયત હુકમ કરવો. સંબંધિત વ્યક્તિની ગુનાહિત પ્રવૃત્તિઓ અંગેની છેલ્લી પરિસ્થિતિ ચકાસી તેનો પાસા અટકાયત અંગેના કારણોમાં સમાવેશ કરવો.

7. જે પ્રકરણમાં એક કરતાં વધારે આરોપીઓ માટે અટકાયત હુકમ કરવાનું વિચારણા હેઠળ હોય, તેવા કિસ્સામાં જો અગાઉ કોઈ સહ-આરોપીની પાસા હેઠળ અટકાયત કરેલ હોય અને તેમાં નામ. કોર્ટ દ્વારા અટકાયત મુક્ત કરવા હુકમ થયેલ હોય તો અન્ય સહ-આરોપીઓનાં અટકાયત હુકમ કરતી વખતે નામ. કોર્ટ દ્વારા સંબંધિત પ્રકરણમાં આપેલ ચુકાદાને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવો જોઈએ.

8. કોઇ વ્યક્તિની પાસા હેઠળ અટકાયત કરવામાં આવે અને તેના નિવેદનમાં અન્ય વ્યક્તિઓના સહ આરોપી તરીકે નામો ખુલે તો તેવા સંજોગોમાં તેવા વ્યક્તિઓની તપાસ કરી યોગ્ય જણાય તો તેવા સહ-આરોપી/ સહ-આરોપીઓ સામે તુર્તજ અટકાયત હુકમો કરવા જોઈએ. કેસની હકીકત તથા સંજોગો જોતાં જો હુકમ કરવાનું જરૂરી ન લાગે તો તે બાબતે દફતરે નોંધ કરવી.

9. ઘણીવાર જુના કેસોને (જે અપ્રસ્તુત બન્યા છે તે) ધ્યાનમાં લઇને પાસા કાયદા હેઠળ દરખાસ્ત કરવામાં આવે છે એટલે કે તેની સામે નવા કોઇ ગુના નોંધાયેલ ના હોય ત્યારે માત્ર જુના ગુનાઓ ધ્યાને લઇ પાસા દરખાસ્ત કરવી જોઇએ નહી.

10. પાસા કાયદા હેઠળ કોઇ વ્યક્તિ વિરૂદ્ધ અટકાયતી પગલાં લેવાની દરખાસ્તમાં તેનું નામ, ઉંમર/જન્મ તારીખ, સરનામું(સ્થાનિક અને કાયમી), માતૃભાષા અને અન્ય ભાષાની જાણકારી વિગેરેની વિગતો અટકાયત અધિકારી સમક્ષ અચુક રજુ કરવી.

11. હદપારી હુકમની અમલવારી ચાલુ હોય તે દરમ્યાન જ અથવા તો હદપારીના હુકમની શરતોનો ભંગ કરી ગુના આચરનાર વ્યક્તિ સામે પાસા હેઠળ અટકાયતના હુકમો કરતી વખતે તેના કારણોમાં આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરીને સંપૂર્ણ વિગતો સાથે છણાવટ કરીને અટકાયત હુકમ કરવો.

12. અટકાયત અધિકારી કક્ષાએ દરખાસ્ત મંજુર થયા બાદ બને તેટલા જલ્દી/વ્યાજબી સમયમાં અટકાયત હુકમ બહાર પાડવામાં આવે તેની કાળજી લેવી. જો આવો હુકમ કરવામાં વિલંબ થાય તો તેનો ખુલાસો કરતી નોંધ ફાઇલમાં અવશ્ય કરવી.

13. પાસા કાયદાની જોગવાઇ અનુસાર અટકાયત હુકમ થયેથી અટકાયત અધિકારીએ અટકાયત હુકમ તથા તેને લગતા સાધનિક કાગળ તુર્તજ વિના વિલંબે રાજ્ય સરકારને પહોંચતા કરવાના રહેશે.

14. કોઇ વ્યક્તિની સામે અટકાયત હુકમ કરવામાં આવે અને તેનું સંબંધિત ગુના બાબતે નિવેદન ન લેવાયું હોય તો અને દરખાસ્તમાં ધ્યાને લીધેલ ગુનાઓ બાબતે કોઈ ગુનામાં અટકાયતીનું નિવેદન લેવાનું બાકી હોવાનું જણાય તો તપાસ કરનાર અધિકારી દ્વારા આવું નિવેદન લેવડાવવું અને તેની નકલ અટકાયતી, ગૃહ વિભાગ તથા સલાહકાર મંડળને પણ તુર્તજ મોકલવી.

15. અટકાયત માટે ધ્યાને લીધેલ ગુના/ગુનાઓના કામે અટકાયતીની સંબંધિત ગુનામાં ધરપકડની તારીખ તથા જામીન પર છુટેલ હોય તો તેની તારીખ અટકાયત હુકમના કારણોમાં અવશ્ય દર્શાવવી.

16. અટકાયત માટે ધ્યાને લેવાયેલ સાક્ષીઓના નિવેદનો ચીલાચાલુ પ્રકારના કે અસ્પષ્ટ ન હોવા જોઇએ. સાક્ષીઓના નિવેદનોમાં બનાવનું સ્થળ, સમય, તારીખ અને બનાવની વિગત સ્પષ્ટ થતા હોવા જોઇએ, જે બાબતે અટકાયત અધિકારીએ ખાતરી કરવી. આવા ટેકનિકલ કારણોસર અટકાયતીને અટકાયતમાંથી મુક્ત થવાની તક મળે છે અને આરોપી સામેની પાસા અટકાયતની કાર્યવાહી નિરર્થક બની રહે છે.

17. ભયજનક કેટેગરીમાં અટકાયતના કેસમાં ગુજરાત અસામાજિક પ્રવૃતિ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ની કલમ-૯(૨) પ્રમાણેના ગુપ્ત સાહેદોના નિવેદનો લેવામાં વ્યાજબી કરતા વધુ વિલંબ થતો હોવાનું કેટલાક કેસોમાં ધ્યાને આવેલ છે. આથી વ્યાજબી સમયમાં અટકાયત અધિકારીએ નિવેદનોની ખરાઇ કરી લેવી. ખરાઇ કરવાની કાર્યવાહીમાં વિલંબ થાય તો વિલંબના કારણોની ફાઇલમાં તથા અટકાયતના હુકમમાં નોંધ કરવી, જેથી ભવિષ્યમાં પ્રશ્ન ઉપસ્થિત થવાના પ્રસંગે આ અંગે સંતોષકારક ખુલાસો આપી શકાય.

18. અટકાયત હુકમ કરતી વખતે જ્યારે પણ દરખાસ્તમાં ગુપ્ત સાહેદોના નિવેદનો સામેલ કરવામાં આવેલ હોય તો અટકાયત અધિકારીએ યોગ્ય જણાય તેવા ગુપ્ત સાહેદોની યાદ્દચ્છિક (Randomly) રૂબરૂ ખરાઈ કરવાની કાળજી રાખવી.

19. કેટલાક કેસોમાં જામીન અરજી અથવા જામીનખત અટકાયતનાં સાધનિક કાગળો સાથે રજૂ કરવામાં આવે છે, પરંતુ આખરી જામીન હુકમ રજૂ કરવામાં આવતા નથી. આ બાબતે આખરી જામીન હુકમ સાધનિક કાગળો સાથે રજૂ કરવા ખાસ કાળજી રાખવી.

20. અટકાયતી વિરુધ્ધ નોંધાયેલ ગુનામાં અટકાયતીની જામીન અરજી સક્ષમ કોર્ટ દ્વારા રદ થયેલ હોય અથવા સક્ષમ કોર્ટ સમક્ષ વિચારણામાં હોય અને તેના પર નિર્ણય થવાનો બાકી હોય તો તેવા કિસ્સામાં જ્યુડીશ્યલ/પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપી સામે અટકાયત હુકમ કરવાનું ટાળવું. આમ છતાં, સૂચિત અટકાયતીની જામીન પર છૂટવાની સંભાવના તથા જામીન પર છુટ્યા બાદ અટકાયતી પુન: તેની ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખશે તેવી શક્યતા જણાય તો જેલ મુક્ત થયા બાદ તાત્કાલિક પાસા દરખાસ્ત કરી અટકાયત હુકમ કરવો જોઇએ. પાસા હેઠળ દરખાસ્ત કરનાર અધિકારીએ સામાન્ય રીતે આરોપીને જામીન મળતાં જેલ મુક્ત થયાના ૧૫-દિવસમાં જરૂરી સાધનિક કાગળો સાથે દરખાસ્ત તૈયાર કરી અટકાયત સત્તાધિકારીને મોકલી આપવી જોઇએ. અટકાયત સત્તાધિકારી પાસે પાસા કાયદા હેઠળ અટકાયતની દરખાસ્ત આવે એટલે આવી દરખાસ્ત વિચારણા હેઠળ લઈ અટકાયત અધિકારી કક્ષાએ સામાન્યત: ૩૦-દિવસમાં ઉચિત નિર્ણય કરવો જોઇએ. વાજબી કારણ વગર આવી દરખાસ્ત પડતર રાખવી નહી. જેથી નિવારક અટકાયતનો હેતુ સરે.

21. નિવારાત્મક અટકાયત હુકમ કરતી વખતે દરખાસ્ત બિનજરૂરી પડતર ન રાખવા બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા Sushanta Kumar Banik versus State of Tripura And Others (AIR 2022 SC 4715) ના કેસમાં નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામા આવેલ છે:

- *"14. In view of the above object of the preventive detention, it becomes very imperative on the part of the detaining authority as well as the executing authorities to remain vigilant and keep their eyes skinned but not to turn a blind eye in passing the detention order at the earliest from the date of the proposal and executing the detention order because any indifferent attitude on the part of the detaining authority or executing authority would*

*defeat the very purpose of the preventive action and turn the detention order as a dead letter and frustrate the entire proceedings. "*

22. પાસા હેઠળ અટકાયત માટે દરખાસ્ત કરતાં સમયે સૂચિત અટકાયતીની અટકાયત માટે ધ્યાને લેવામાં આવનાર છેલ્લા ગુનામાં આરોપી ક્યારે જામીન પર છૂટેલ છે તે બાબત ખાસ વિચારણામાં લેવી. છેલ્લા ગુનામાં જામીન પર છૂટ્યાને/ જેલ મુક્ત થયાને આશરે ૩ (ત્રણ) માસ કે તેથી વધારે સમય વીતી ગયો હોય અને આ દરમિયાન જો તે કોઈ અન્ય ગુનામાં સંડોવાયો ન હોય તો લાંબા સમય પછી આવા પ્રકારની દરખાસ્ત કરવાનું ટાળવું.

23. ભયજનક કેટેગરીમાં અટકાયત માટે આરોપી ગુનાહિત પ્રવૃત્તિ વારંવાર કરતો હોવાનું (Habitually commits offences) સાધનિક કાગળો પરથી ફલિત થવું જોઇએ. કેટલાક કેસોમાં બે કે તેથી વધારે ગુનાઓ વચ્ચે લાંબો સમયગાળો હોય ત્યારે અટકાયત સંબંધમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. ગુજરાત હાઇકોર્ટના વિવિધ ચૂકાદાઓ ધ્યાને લેતાં, આવા કિસ્સાઓમાં અટકાયત હુકમ કરવાનું ટાળવું જોઇએ.

24. પાસા એક્ટની જોગવાઈ અનુસાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના પ્રકરણ-૮,૧૬, ૧૭ અને ૨૨ હેઠળ આવરી લેવાયેલ ગુનાઓ અથવા શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ (હથિયાર ધારા) હેઠળના એકથી વધુ ગુનાઓ કરનાર જ પાસા કાયદાની જોગવાઈ હેઠળ ભયજનક વ્યક્તિ ગણી શકાય.

25. કોઇ વ્યક્તિ સામે ગેરકાયદે દારૂ પીવા બાબતનો ગુનો નોંધાયેલ હોય તો તેવા વ્યક્તિ ની "બુટલેગર" કેટેગરીમાં પાસા હેઠળ અટકાયત કરી શકાય નહીં.

26. બુટલેગર કેટેગરીમાં અટકાયત હુકમ કરતી વખતે પકડાયેલ જથ્થો ગણનાપાત્ર હોવો જોઇએ. ગણનાપાત્ર જથ્થો સ્થાનિક પરિસ્થિતિ અને અટકાયતીની ગુનાહિત પ્રવૃત્તિ ધ્યાને લઈ નક્કી કરવાનો રહેશે. અમુક કિસ્સાઓમાં ધ્યાને આવ્યું છે કે, પ્રોહીબિટેડ મુદ્દામાલ મંગાવનાર તથા વેચનાર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવતી નથી પરંતુ દેશી/ વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી કરનાર સામે અટકાયતી પગલાં લેવામાં આવે છે. ત્યારબાદ પોલીસ તપાસમાં ખૂલેલ નામોના આધારે પ્રોહીબિટેડ મુદ્દામાલ મંગાવનાર તથા વેચનાર વિરુદ્ધ પણ પાસા એક્ટ હેઠળ તુર્તજ કાર્યવાહી કરવી જોઇએ.

27. "બુટલેગર" કેટેગરીમાં એક જ ગુના સંબંધમાં એક કરતાં વધારે વ્યક્તિની પાસા હેઠળ અટકાયત કરવામાં આવે ત્યારે દરેક વ્યક્તિ પાસેથી કેટલો જથ્થો મળ્યો છે અને આ ગુનામાં તેની શું ભૂમિકા (Role) છે તેની વિગત પાસા અટકાયતના હુકમમાં સ્પષ્ટ રીતે જણાવવી અને સંયુક્ત રીતે જથ્થો ધરાવતા હોય તો તે બાબત જણાવવી.

28. ગેરકાયદેસર નાણાની ધીરધાર કેટેગરીમાં અટકાયત કરતા સમયે મોટાભાગના કેસોમાં એક જ ફરિયાદ ધ્યાને લઈ અટકાયત હુકમ કરવામાં આવતો હોવાનું ધ્યાને આવેલ છે. કેટલાંક કેસોમાં તો ફરિયાદ નોંધાયા બાદ બંને પક્ષો વચ્ચે સમાધાન થઇ ગયા બાદ F.I.R. રદ કરવા માટે સક્ષમ કોર્ટમાંથી હુકમ મેળવવામાં આવતો હોય છે. આમ, જે ફરિયાદના આધારે હુકમ કરવામાં આવ્યો છે તે ફરિયાદ (F.I.R.) જ અસ્તિત્વમાં રહેતી ન હોઇ, અટકાયત હુકમ નિરર્થક બની જાય છે અને આવો અટકાયત હુકમ રિવોક કરવા માટે વહીવટી કામગીરી બેવડાય છે. આથી, ગેરકાયદેસર નાણાંની ધીરધાર કેટેગરીમાં અટકાયત હુકમ કરતા સમયે અટકાયતીનો ગુનાહિત ઈતિહાસ, F.I.R.ની યથાર્થતાની પૂરતી ચકાસણી કરી અટકાયત હુકમ કરવા ખાસ કાળજી રાખવી.

29. જુગારનો અડ્ડો ચલાવનાર કેટેગરીમાં અટકાયત કરતા સમયે અટકાયતી વિરુદ્ધના જુગાર ધારાની કલમ ४ હેઠળના ગુનાઓ જ ધ્યાને લેવાના રહે છે. કેટલાક કેસોમાં ફક્ત જુગાર ધારાની કલમ – ૧૨ હેઠળનો ગુનો ધ્યાને લઈ અટકાયત હુકમ કરવામાં આવે છે. જે કાયદાની જોગવાઇને અનુરૂપ નથી.

30. પાસા હેઠળ અટકાયત હુકમ થયા પછી ઘણા કેસોમાં લાંબા સમય સુધી અટકાયત થતી નથી તેવા કિસ્સાઓમાં એક્ટની જોગવાઇ મુજબ ભાગેડુ જાહેર કરવાની અને તેની મિલ્કતો ટાંચમાં લેવાની પ્રક્રિયા સમયસર હાથ ધરવી. પાસા કાયદાની કલમ-૮ ની જોગવાઇ મુજબ નાસતા ફરતા વ્યક્તિને પકડી પાડવા સંબંધિત પોલીસ સ્ટેશનને સુચના આપવી અને ટૂંકાગાળે આવા કેસોની સમીક્ષા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/પોલીસ કમિશ્નરશ્રી કક્ષાએ હાથ ધરવી.તેમજ ફરારી વ્યક્તિઓને પકડવા માટે કરેલ પ્રયત્નોની જાણ સમયાંતરે સરકારશ્રીને કરવી તેમજ તેની નોંધ દફતરે રાખવી.

31. પાસા હેઠળ અટકાયત માટે થયેલ હુકમોની બજવણીની સમીક્ષા દર મહિને Law and Order meeting/ crime conference માં થાય અને અટકાયત ન થવાના કારણોની સમીક્ષા કરવામાં આવે. અટકાયત હુકમ થયા પછી ખરેખર અટકાયત ન

થયેલ હોય તેવા કિસ્સાઓમાં, અટકાયત ન થવાના કારણો સાથેની યાદી દર મહિનાની દસ તારીખ સુધીમાં અટકાયત અધિકારી તથા સંબંધિત પોલીસ ઓથોરીટીએ ગૃહ વિભાગને અચૂક મોકલવી.

32. ગૃહ વિભાગ, પાસા સલાહકાર બોર્ડ તથા નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. હાઈકોર્ટ દ્વારા અગાઉ જે કારણોના આધારે પાસા હેઠળ કરાયેલ અટકાયત હુકમો નામંજૂર કરેલ હોય તેવા સમાન પ્રકારના કારણોસર પાસા હેઠળ કાર્યવાહી કરવાનું ટાળવું અને કોઈ ખાસ સંજોગોવશ જો અટકાયત હુકમ કરવો જરૂરી જણાય તો તેના સ્પષ્ટ કારણોની નોંધ અટકાયત હુકમના કારણોમાં અવશ્ય કરવી.

33. અટકાયતનો હુકમ કર્યા બાદ કેટલાક કેસોમાં અટકાયતી નાસતો ફરતો(Absconding) રહે છે.જે કેસોમાં એક વર્ષ કે તેથી વધારે સમયથી અટકાયત ન થયેલ હોય એવા હુકમોની અમલવારી કરવી યોગ્ય રહેશે કે કેમ, તે અંગે અટકાયત અધિકારી કક્ષાએ સમીક્ષા કરવી. અટકાયત હુકમ થયા બાદ લાંબો સમય વીતી ગયો હોય અને વર્તમાન પરિપ્રેક્ષ્યમાં હુકમનો અમલ કરવો યોગ્ય ન જણાય તો અટકાયત હુકમ રીવોક કરવા વિગતવાર કારણો સહિત અટકાયત સત્તાધિકારીના સ્વયંસ્પષ્ટ અભિપ્રાયસહ દરખાસ્ત ગૃહ વિભાગને મોકલી આપવી.

34. કોઇપણ વ્યક્તિની અટકાયત માટે જે કોઇ બાબત ધ્યાને લીધેલ હોય તે બધી જ બાબતોને લગતા દસ્તાવેજો અટકાયતીને આપવાના રહેશે. અટકાયતીની અટકાયત બાદ અટકાયત સંદર્ભમાં કોઈ વધારાના દસ્તાવેજો ઉપલબ્ધ થાય તો તે દસ્તાવેજો અટકાયતી, ગૃહ વિભાગ અને પાસા સલાહકાર મંડળને તુર્તજ પૂરા પાડવા.

35. પાસા કાયદાની કલમ-૧૧ની જોગવાઇ અનુસાર અટકાયતની તારીખથી ૩ અઠવાડીયામાં રાજય સરકારે પાસા સલાહકાર બોર્ડને કેસ સમીક્ષા અર્થે રજુ કરવાનો રહે છે. તેજ રીતે પાસા કાયદાની કલમ-૧૨(૧)ની જોગવાઇ અનુસાર અટકાયતની તારીખથી ૭ અઠવાડીયામાં સલાહકાર બોર્ડે તેનો અહેવાલ સહ અભિપ્રાય રાજ્ય સરકારને રજુ કરવાનો રહે છે. આથી, આવી અટકાયત થયેથી અટકાયત કર્યાની તારીખ, સમય અને સ્થળ અંગેની જાણ પોલીસ ઓથોરીટીએ ગૃહ વિભાગને E-mail/Fax થી તુર્તજ અચૂકપણે કરવી.

36. અટકાયતના હુકમ સાથે જે પણ દસ્તાવેજોની નકલ અટકાયતીને આપવામાં આવે તે સરળતાથી વાંચી શકાય તેવી હોવી જોઈએ તે વાતનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે. આ સંબંધમાં નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા State of Manipur versus Buyamayum Abdul Hanan @ Anand (2022 (15) Scale 340:JT 2022 (10) SC 264) ના કેસમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત નીચે મુજબ છે :

- *"21. Thus, the legal position has been settled by this Court that the right to make representation is a fundamental right of the detenue under Article 22(5) of the Constitution and supply of the illegible copy of documents which has been relied upon by the detaining authority indeed has deprived him in making an effective representation and denial thereof will hold the order of detention illegal and not in accordance with the procedure contemplated under law."*

37. પાસા એક્ટ હેઠળ અટકાયત થતાં અટકાયતી જો પરપ્રાંતીય હોય અને ગુજરાતી ભાષા સમજી શકતો ન હોય તો અટકાયતીને અટકાયતના કારણોની સમજ અને અટકાયત માટે વિચારણામાં લેવાયેલ કાગળો પણ અટકાયતી જે ભાષા જાણતો હોય તે ભાષામાં જ અટકાયતના સાત દિવસમાં આપવા જરૂરી છે.

38. પાસા બોર્ડની બેઠક સમયે અટકાયત હુકમ કરનાર અધિકારી કેસની સુનાવણી સમયે સલાહકાર મંડળ સમક્ષ ઉપસ્થિત રહે તે માટે ગૃહ વિભાગ તરફથી સમયસર જાણ કરવામાં આવતી હોય છે. પાસા સલાહકાર મંડળ સમક્ષ હાજર રહેવાની ખબર મળતાં, અટકાયત અધિકારીએ સુનાવણી વખતે હાજર રહેવું જોઇએ. અટકાયત હુકમ કરનાર અધિકારી કોઇ કારણસર હાજર રહી શકે તેમ ન હોય તો તેવા કિસ્સામાં અટકાયત હુકમના કેસથી પુરેપુરા માહિતગાર હોય એવા અન્ય વરિષ્ઠ અધિકારીને સલાહકાર મંડળ સમક્ષ પોતાની અવેજીમાં મોકલવાની વ્યવસ્થા કરવી.

39. અટકાયતીને Temporary Release પર છોડાયા બાદ કેટલાંક કિસ્સાઓમાં અટકાયતી જેલમાં પરત સમયસર હાજર ન થવાના બનાવો બનતાં હોય છે. તેમાં પાસા કાયદાની કલમ-૧૬(૪)માં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાની કાળજી રાખવી.

40. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૫૫૦૬/૨૦૨૩માં નામ. હાઈકોર્ટના તા.૦૫.૦૫.૨૦૨૩ના હુકમમાં નીચેની બાબતનો ખાસ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

- *'It is also noticed by us that the circular/policy is blissfully silent with regard to the accountability fixed on the authority in case the same are violated while passing the detention order. Hence, we direct the State Government to issue necessary circular in the form of administrative instructions to all the concerned authorities to strictly comply with the aforesaid guidelines. It is further clarified that in case it is found or established that the guidelines are flagrantly violated and are not followed, this Court will view the same very seriously, since the freedom of a person is supreme and is recognized and embedded in Article 21 of the Constitution of India. A person can not be detained and his freedom can not be curtailed or restricted by adopting a procedure de hors the rule of law. While taking cognizance of such violation, this Court will not be hesitant in issuing necessary orders / directions for taking necessary action against the erring officer or the authority.'*

41. પાસા કાયદાની કલમ-૩(૨) હેઠળ સત્તા આપવામાં આવી હોય તે જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલીસ કમિશ્નર જ અટકાયત હુકમ કરી શકે છે. રાજ્ય સરકારે જો ખાસ અધિકૃત કરેલ ન હોય તો નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષના Dad Mohammad Vs State of Gujarat, 1993 (2) GLR 1767 કેસના તારણ મુજબ કાર્યકારી/In-charge જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા કાર્યકારી/In-charge પોલીસ કમિશ્નર અટકાયત હુકમ કરી શકશે નહિ.

આમ, ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ , ૧૯૮૫ હેઠળ અટકાયત હુકમ કરતી વખતે અટકાયત સત્તાધિકારીએ પૂરતી કાળજી રાખવા તથા ઉક્ત માર્ગદર્શક સૂચનાઓનું તથા નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. હાઈકોર્ટ દ્વારા જુદાં-જુદા ચુકાદાઓમાં વખતોવખત આપેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( યોગેશ બ. નિરગુડે, IAS)

સંયુક્ત સચિવ

ગૃહ વિભાગ

**પ્રતિ,**

- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
- સર્વે પોલીસ રેન્જના વડાશ્રીઓ.
- સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.

**નકલ જાણ સારુ રવાના :-**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, આઈટી સેલ શાખા,

આ પરિપત્ર ગૃહ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.

- સિલેક્ટ ફાઈલ

Signature valid
Signed by:Yogesh Babanrao Nirgude
Joint Secretary
Date: 2023.08.02 18:19:38 +05:30